**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.471
Volume - 6, Issue - 12, December - 2023 Publication Date: 31/12/2023

DOIs:10.2018/SS/202312008 --:-- Research Paper / Article / Review

# ડાંગ જિલ્લાનાં સ્વતંત્ર સેનાની ઘેલુભાઈ નાયક

ગાવિત સંકેતકુમાર પાંડુભાઈ
પીએચ.ડી સ્કોલર,
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા
Email: gavitsanketkumar976@gmail.com

**ટૂંકસાર:** ડાંગ જીલ્લાનાં સ્વતંત્ર સેનાની ઘેલુભાઈ નાયક ના જીવન પરિચય તેમજ તેમના કર્યો વિશે માહિતી આપવામાં આવેલી છે. જેમાં તેમને ડાંગ જીલ્લાનાં લોકો ને પોતાનાં ઘરનાં સભ્યો માનતા હતા. ઘેલુભાઈ શિક્ષણ, વ્યસનમુકિત અને આરોગ્ય માટે જાગૃતિ ફેલાવવા સહિતનાં કાર્યો સાથે જોડાયેલાં હતા. તેમના મિશનો અને કર્યો ધ્વારા તેમણે આદિવાસીઓની સેવારૂપી કાર્યો માટે તેમણે અનેક એવોડ અને સન્માન પત્રો પણ આપવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૮૮માં મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચોંધરીનાં હસ્તે તેમણે ઉતમ જિલ્લાનાં નિયોજક માટનો એવોડ આપવામાં આવ્યો. ગાંધીનગર ખાતે શંકરસિહ વાઘેલાનાં હસ્તે પત્રકારત્વની કામગીરીનો એવોડ આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામના હસ્તે યુનેસ્કો તરફથી “ઈન્ટરનેશનલ પીસ એવોડ” દિલ્લી ખાતે એનાયત કરવામાં આવ્યું. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા “ગ્રામસેવા પુરષ્કાર” પણ એનાયત કરવામાં આવ્યો. જવાહરલાલ નહેરુને ડાંગ જિલ્લાને ગુજરાતમાં વિલીનીકરણ અંગે સમજાવ્યા. ડાંગી આદિવાસીઓને ખ્રિસ્તી ધર્મમાં લાવતી મિશનરીઓનો વિરોધ કર્યો. આમ તેમને ડાંગ જીલ્લાના ગાંધી તરીકે ઓળખવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દો :** સ્વતંત્ર સેનાની ઘેલુભાઈ નાયક, ડાંગ જીલ્લાના ગાંધી , ઘેલુભાઈ નાં કર્યો.

## 1. પ્રસ્તાવના:

ડાંગ જિલ્લો ભારતદેશનાં પક્ષિમ ભાગમાં આવેલા ગુજરાત રાજયનાં દક્ષિણભાગનો એક નાનકડો જિલ્લો છે. જિલ્લાનું મુખ્ય મથક આહવા ખાતે આવેલું છે. ડાંગ જિલ્લાની ૯૪ ટકા વસ્તી આદિવાસીઓની છે. ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ ડાંગ જિલ્લાની વસ્તી ૨,૨૮,૨૯૧ની વસ્તી છે.વિસ્તાર ૧૭૬૪ ચો.કી.મીનો છે. ડાંગ જિલ્લામાં હોળીનાં શરૂઆતમાં અઠવાડીયામાં ડાંગ દરબાર ભરી રાજાઓને સાલીયાણા આપવામાં આવે છે. ડાંગ જિલ્લાનું પૈરાણીક મહત્વપણ ઘણું છે. શ્રીરામ ચૌદ વર્ષનાં વનવાસ દરમ્યાન સીતા અને લક્ષ્મણ સાથે દંડકારણ્યમાં થઈને પંચવટીમાં ગયા હતા. દંડકારણ્યમાં શબરીએ રામને ચાખી ચાખીને મીઠા બોર ખવડાવ્યા હતા. આ વન આહવાથી ૪૦ કી.મી. નાં અંતરે આવેલું છે. જયાં શબરીધામ તરીખે પ્રખ્યાત મંદીર બનાવવામાં આવેલું છે.

## 2. ઘેલુભાઈ નાયકનાં જીવન વિશે:

ઘેલુભાઈ નાયકનો જન્મ ૧૯ જૂન ૧૯૨૪નાં રોજ નવસારીનાં ગણદેવી તાલુકાનાં કોલવા ગામ ખાતે થયા હતો. ઘેલુભાઈ મહાત્મા ગાંધીજીને અમલસાડની રેટીયાવાળી શાળામાં ૧૧વર્ષની ઉંમરે પ્રથમ વખત ભેટ થઈ હતી. મહાત્માગાંધીજીની સાથેની મુલાકાત બાદ તેઓ લોકકલ્યાણનાં ક્ષેત્રે ખૂબ આકર્ષિત થયા હતા.તેમણે વર્ષ

૧૯૫૮માં મુંબઈની ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ સોશિયલ સાયન્સમાં સમાજસેવામાં અનુસ્નાતકની પદવી મેળવી હતી. તેઓને ટાટા ઈન્સ્ટિટયૂટમાં પોતાનો પ્રોજેકટ જીરો બજેટથી ગામડાના વિકાસ પર રજૂ કર્યો હતો. આ પ્રોજેકટ થી તેઓ કોલેજમાં ટોપર પણ રહયા હતા. શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેમણે સમાજ કલ્યાણ વિભાગમાં નિયામક તરીકે નિમણુકનો પત્ર મળ્યો. પણ તેમણે આ ઓફર નકારી કાઢી હતી.તેમણે આદિવાસીઓમાં ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ રોકવા ૧૯૪૮માં તેમનાં ભાઈ છોટુભાઈ સાથે ડાંગમાં ગયા હતા જયા છોટુભાઈ સાથે આ આદિવાસીઓનાં ધર્માંતરણને રોકવા માટે કાર્ય કરવા કહયું હતું. સ્વતંત્ર સેનાની હોવાથી મહાત્મા ગાંધી સાથે તેમનાં સબંધ ગાઢ રહયા હતા.

ગુજરાતનાં ક્રાંતીકારી અને ગાંધીવાદી નેતા તરીકે તેમણે મહાગુજરાત આંદોલન ૮ ઓગષ્ટ ૧૯૫૬ અને ૧ મે ૧૯૬૦ વખતે જયારે જવાહરલાલ નહેરૂ વ્યકિતગત રીતે ડાંગને મહારાષ્ટ્રમાં ભેળવવા તૈયાર હતા ત્યારે જવાહરલાલ નહેરૂનાં આ નિર્ણયનો વિરોધ કરવા માટે બંને ભાઈઓ એ ઘણા પ્રયત્નો બાદ ડાંગ જિલ્લાને મહારાષ્ટ્રમાં ભળી જતા રોકવામાં તેમણે ઉલ્લેખનીય મહત્વનો ફાળો રહેલો છે.

ઘેલુભાઈનાં અથાગ પ્રયન્નો બાદ, કાલીબેલ ગામમાં ૧૯૪૯માં પ્રથમ આશ્રમ શાળા શરૂ કરવામાં આવી. આજે ડાંગમાં ૧૦૦થી વધુ આશ્રમશાળાઓ છે. જેમાં ૧૫૦૦૦ થી પણ વધારે વિધાર્થીઓ અભ્યાસ કરે છે. ઘેલુભાઈ દ્વારા **'ગામ ચાલ્યું નાહવા'** નામથી આંદોલન ચલાવ્યું જેમાં તેઓ એ નાહવા અને ગામને સ્વચ્છ રહેવા અને સ્વચ્છતા રાખવા માટે ઉપદેશ આપતા હતા. ઘેલુભાઈ ડાંગને પોતાનું ઘર માનતા હતા અને ડાંગનાં લોકોને પોતાનાં ઘરનાં સભ્યો માનતા હતા. ઘેલુભાઈ શિક્ષણ, વ્યસનમુકિત અને આરોગ્ય માટે જાગૃતિફેલાવવા સહિતનાં કાર્યો સાથે જોડાયેલાં હતા. ડાંગ જિલ્લામાં આદિવાસીઓની સેવારૂપી કાર્યો માટે તેમણે અનેક એવોડ અને સન્માન પત્રો પણ આપવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૮૮માં મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચોંધરીનાં હસ્તે તેમણે ઉતમ જિલ્લાનાં નિયોજક માટનો એવોડ આપવામાં આવ્યો. ગાંધીનગર ખાતે શંકરસિહ વાઘેલાનાં હસ્તે પત્રકારત્વની કામગીરીનો એવોડ આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામના હસ્તે યુનેસ્કો તરફથી "ઈન્ટરનેશનલ પીસ એવોડ" દિલ્લી ખાતે એનાયત કરવામાં આવ્યું. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા "ગ્રામસેવા પુરષ્કાર" પણ એનાયત કરવામાં આવ્યો.

**3. ઘેલુભાઈ નાયક દ્વારા કરવામાં આવેલા કર્યો:**

**જવાહરલાલ નહેરુને ડાંગ જિલ્લાને ગુજરાતમાં વિલીનીકરણ અંગે સમજાવ્યા.**

જવાહરલાલ નહેરુની આગેવાની હેઠળની ૧૯૫૦ના સાલની કેન્દ્ર સરકારે ડાંગ જિલ્લાને મહારાષ્ટ્ર સાથે જોડવાના નિર્ણય ને લગભગ અંતિમ રૂપ આપી દેવામાં આવેલું હતું . આ નિર્ણય થી ઘેલુભાઈ નાયક અને છોટુભાઈને આચકો લાગીયો હતો . ૧૯૪૮માં સરદાર પટેલ દ્વારા તેમને ડાંગ જીલ્લાના આદિવાસી લોકોની સેવાના કર્યો કરવા માટે મોકલવામાં આવ્યા હતા . ઘેલુભાઈ અને છોટુભાઈએ જવાહરલાલ નહેરુના નિર્ણયને પડકાર આપવા માટે પ્રયત્નો શરુ કર્યા. જેમાં તેમને આદિવાસી મહિલાઓને ગુજરાતી સાડી પહેરવાનું શિખવાડવાનું શરુ કર્યું તેમને ગુજરાતી ભજન, દુહા, ચંદ રજુ કર્યા. પરંતુ ફક્ત જમીની પ્રયાસો પૂરતા હતા નહિ. કારણ કે જવાહરલાલ મુખ્ય વ્યક્તિ હતા અને તેમને મનાવવા તે ખુબજ મહત્વનું હતું. ઘેલુભાઈ અને છોટુભાઈ

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.471
Volume - 6, Issue - 12, December - 2023 Publication Date: 31/12/2023

લગભગ ઓછામાં ઓછા સાત વખત દિલ્લી ગયા હતા. જવાહરલાલ નહેરુએ એકવાર ઘેલુભાઈને કહ્યું ," મને કહો, તમે ભારતીય છો કે નહિ?" ત્યારે ઘેલુભાઈ જવાબ આપ્યો, "હા હું ભારતીય છું ." જવાહરલાલે કહ્યું " તો પછી તમને ડર કેમ લાગે છે કે ડાંગ ગુજરાતમાં કે મહારાષ્ટ્રમાં રહે ,છેવટે તે ભારતનો જ એક ભાગ હશે."ઘેલુભાઈ કશું બોલી શક્યા નહિ. તેમ છતાં તેમના ભાઈ છોટુભાઈએ જવાહરલાલ નહેરુને કહ્યું, ' પંડિતજી તમે વૈશ્વિક વ્યક્તિત્વ છો , તો પછી જો કાશ્મીર ભારતમાં રહે કે પાકિસ્તાનમાં તો શું તે વિશ્વમાં જ નહિ રહે ? જવાબમાં જવાહરલાલ નહેરુ કઈક અંશે નરમ દેખાયા હતા અને જવાબ પણ ન આપીયો. છોટુભાઈ એ કહ્યું જેવી રીતે તમે કાશ્મીર ને અનુભવો છો તેવી રીતે અમે ડાંગ ને અનુભવી એ છીએ .આ સાંભળી નહેરુજી થોડા નરમ દેખાયા. ઘેલુભાઇ અને છોટુભાઈ આટલે અટક્યા નહિ તેમને એક મહિના માં ડાંગમાં ગુજરાતી શાળાઓ શરૂ કરી. ડાંગ જિલ્લાને ગુજરાતમાં રાખવા માટે જમીન પૂરતા પ્રયાસો એટલા જરૂરી હતા. તેમણે સુનિશ્ચિત કર્યું કે ૧૯૫૭-૫૮ માં ગુજરાતી પેનલ ની ડાંગ જીલ્લાની પ્રથમ ચુંટણી જીતે અને તેંઓ ૮૬% ના મત થી વિજય થયા.

ઘેલુભાઈ ચુંટણી બાદ નહેરુજી ને મળ્યા. ત્યારે નહેરુજી એ કહ્યું કે તમે બે ભાઇઓં એ લોકો પર જાદુ કર્યો છે . બાદ માં આ ચુકાદો આપીયો છે.

## ૨. ડાંગી આદિવાસીઓને ખ્રિસ્તી ધર્મમાં લાવતી મિશનરીઓનો વિરોધ કર્યો.

દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના પિતા ઘેલુભાઈ નાયક તે પીઢ સર્વોદય કાર્યકર ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આદિવાસીઓને ધર્માંતરણ કરવા માટે જે યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે તેની સામે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું, "મિશનરીઓ એ ધર્માંતરણની અસર કરવા માટે મહાત્માના નામનો પણ ઉપયોગ કર્યો હતો. તેઓ ગાંધીજીના મનપસંદ ભજનોના મનુંપુસ્તક લઈને સાબરમતી આશ્રમમાં પ્રવેશ્યા, પરંતુ પુસ્તકમાં કોઈ ગાંધીવાદી સંદર્ભનથી પરંતુ માત્ર ખ્રિસ્તીગીતો હતા. કેટલા કમિશનરીઓ એ તોમને અને મારા સહયોગીને ખ્રિસ્તીધર્મ અપનાવવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કર્યો. જ્યારે અમે તેમની વાતને નકારી કાઢી ત્યારે તેઓ એ અમને આહવાના મિશન વિસ્તારમાં જ્યાં અમારી ઑફિસ આવેલી હતી તે ઘરમાંથી કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો. "જ્યારે 1999 માં ડાંગમાં ધર્માંતરિત આદિવાસીઓ અને તેમના હિંદુ પડોશીઓ વચ્ચેના તણાવ ને રાષ્ટ્રીય અખબારી કવરેજ મળ્યું, હંમેશની જેમ, કહેવાતા બિનસાંપ્રદાયિક પરંતુ વાસ્તવમાં હિંદુવિરોધી અથવા માફીમાંગનાર હિંદુડાબેરી-ઉદારવાદી વિદેશી/ચર્ચમીડિયાના પ્રભાવિત વર્ગ પર કાદવ ઉછાળવાનું શરૂ કર્યું ત્યારે ભાજપ સરકારની આગેવાની હેઠળ. શ્રી કેશુભાઈ પટેલ અને RSS સંલગ્ન ભગવા સંગઠનો દ્વારા. અંગ્રેજી અખબારોમાં રાષ્ટ્રીય સ્તરે કવરેજ એવું હતું કે અથડામણ માટે ફક્ત હિન્દુઆદિવાસીઓ જ જવાબદાર હતા અને ખ્રિસ્તીમિશનરીઓ પવિત્ર ગાય જેવા નિર્દોષ હતા અને તેઓ જ તેનો ભોગ બન્યા હતા. તે ઘેલુભાઈ નાયક હતા જેઓ તે સમયે તથ્યો પર ઊભા હતા. ડાંગમાં 50 વર્ષથી વધુ સમયથી સેવા આપીને, ઘેલુભાઈ (તે સમયે તેઓ 75 વર્ષના હતા) રેકોર્ડને સીધો રાખીને જમીન પરની પરિસ્થિતિ વિશે સત્ય બોલ્યા અને ચર્ચાને તટસ્થ કરી. કારણ કે તેઓ એક ગાંધીવાદી અને આદિવાસીઓના નિઃસ્વાર્થ સેવક હતા અને સાબિત રેકોર્ડ સાથે શંકા નથી,

ભારતના રાષ્ટ્રીય માનવઅધિકાર આયોગ સમક્ષ, ઘેલુભાઈ નાયકે જણાવ્યું હતું કે ડાંગમાં સંઘર્ષનું મૂળ ખ્રિસ્તીમિશનરીઓના કાર્યમાં હતું. અગાઉના ત્રણ વર્ષોમાં, નાયકે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા પંદર કિસ્સાઓ

બન્યાછે કે જેમાં ખ્રિસ્તી ધર્માંતરણ કરનારાઓ એ, "તેમના ઉપદેશકોના પ્રભાવ હેઠળ" હિંદુ સંત હનુમાનની મૂર્તિઓનું અપવિત્ર કર્યું હતું, જેને હિંદુ ભગવાન શિવના અવતાર તરીકે પૂજવામાં આવે છે. ,વિષ્ણુના સેવક, ડાંગના આદિવાસીઓ દ્વારા પેઢીઓથી. એક ઘટનામાં, તેણે કહ્યું, ધર્માંતર કરનારાઓ એ હનુમાનની પ્રતિમા પર પેશાબ કર્યો; બીજામાં તેઓ એ "હનુમાનની મૂર્તિના ટુકડા કરી નાખ્યા અને તેને નદીમાં ફેંકી દીધી." અ પવિત્રતા ઉપરાંત, નાયકે સાક્ષી આપી, ધર્માંતર કરનારાઓએ વારંવાર, જાહેરમાં હિંદુ સંતોને શૈતાન અથવા "શેતાન" તરીકે નિંદા કરીને તેમના હિંદુ પડોશીઓનો ગુસ્સો વધાર્યો હતો. આ થઈ ગયું, ફરીથી "તેમના પ્રચારકોના પ્રભાવ હેઠળ." એવું લાગે છે કે મૂળ પાદરીઓ પોતે નાયપોલિયન "ન્યુરોસિસ" થી પીડિત ભૂત પૂર્વ હિંદુઓ હતા.

ઘેલુભાઈ નાયકને ડાંગનાં ગાંધી તરીકેની આજે પણ લોકો યાદ કરે છે. તેમનું અવસાન ૧૬ જાન્યુઆરી ૨૦૧૫નાં રોજ આહવા ખાતે થયું હતું.

**સંદર્ભો:**


૧. દેશ ગુજરાત સમાચાર પત્ર તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૫.

૨. The times of india news paper date 18 January2015.

૩. લવકરે અરવિંદ એક ગાંધીવાદી ડાંગ માંથી બોલે છે. rediff.com

૪. Ghelubhainayak, wikipidia.org